ભાગ-૫

# ઊંડાં અંધારેથી

- કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાનો ઇતિહાસ
- નેતૃત્વની કસોટી
- લાભુભાઈ સોનાણી એક બહુમુખી વ્યક્તિત્ત્વ







# કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાનો ઈતિહાસ

## મારા રાજયમાં અંધોની શાળા નથી, એ મે'ણું મારે ભાંગવું છે

## - મહારાજાસાહેબ



મહારાજા કૃષ્ણકુમારસિંહજી

## અંધ લોકોનું ભવિષ્ય ન હતું

એક જમાનામાં શીતળાનો મહાભયાનક રોગ ઝંઝાવાતની જેમ ફેલાઈ જતો. ગામના ગામ તેની લપેટમાં આવી જતાં. ભોગ બનેલી ચાર વ્યકિતમાંથી, એકનું મૃત્યુ થતું, તો એકને અંધત્વ આવતું. બાકીનાં બે, મોઢાં ઉપર શીતળાની નિશાનીના ચાઠાં પડી જવાથી, જીવનભર કદરૂપા થઈ જતા. શીતળા ઉપરાંત રંગસૂત્રોની ખામી, બીમારી કે વિટામિનની ખામી કે અકસ્માતથી પણ લોકોને અંધત્વ આવતું. અંધ થયેલા લોકોનું કોઈ ભવિષ્ય ન હતું. કારણ કે, તે સમયમાં એક યા બીજા કારણસર, અંધ જન્મેલાં કે જન્મ પછી અંધ થયેલાં બાળકોનાં શિક્ષણની સમસ્યા વિકટ હતી. એક તરફ સામાન્ય બાળકોની શાળામાં, અંધ બાળકોને દાખલ કરવાની મનાઈ હતી;તો બીજી તરફ અંધ બાળકોનાં શિક્ષણની શાળાઓ દીવો લઈને શોધવા જતાં પણ મળતી ન હતી.

## બાપુ, આપના રાજયમાં અંધશાળા નથી

આવા કપરાં કાળમાં બ્રિટિશરાજ હતું. મુંબઈ તેનું એક મથક હતું. બ્રિટિશ અને

સ્થાનિક લોકોએ સાથે મળીને મુંબઈમાં અંધ બાળકોનાં શિક્ષણ માટે, વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ શરૂ કરેલી. તેના એક કાર્યક્રમમાં ભાવનગરના પ્રજાવત્સલ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીને નિમંત્રણ મળતા ત્યાં ગયા હતા. કાર્યક્રમમાં મહારાજા સાહેબના વરદ્હસ્તે બાળકોને પુરસ્કાર આપવાનું થયું. તેમાં ઉમરાળાના અંધ વિદ્યાર્થી નટુભાઈ દોલતરાય ઓઝાને પ્રથમ આવવા બદલ પુરસ્કાર અપાયો. ઉમરાળા ગામનું નામ સાંભળતા, મહારાજાએ વિદ્યાર્થી નટુને પૂછ્યું, 'ઉમરાળા કયાંનું?' વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'બાપુ આપનું.'

મહારાજા સાહેબ ચમકયા, 'તો અહીં મુંબઈ સુધી કેમ આવવું પડયું?' વિદ્યાર્થી કહે, 'બાપુ, આપના રાજયમાં અંધશાળા નથી.' જવાબ સાંભળી મહારાજાસાહેબે પોતાનું કાર્ડ વિદ્યાર્થીના હાથમાં મૂકયું અને કહ્યું, 'ભાવનગર આવો, ત્યારે મને મળજો.'

## એ મે'ણું મારે ભાંગવું છે

મહારાજાએ પોતાનું કાર્ડ આપ્યું ને મળવા કહ્યું તેની ચર્ચા આખી રાત છાત્રાલયમાં ચાલી. બે મિત્રો સાથે, નટુ ભાવનગર દરબારમાં પહોંચ્યો. બાપુને કાર્ડ બતાવી મુંબઈની વાત યાદ કરાવી. મહારાજાસાહેબે, ગામનું મહાજન બોલાવ્યું, અંધ છોકરાઓનાં શિક્ષણની સમસ્યા કહી, 'મારા રાજયમાં અંધોની શાળા નથી એ મે'ણું મારે ભાંગવું છે, બોલો કેમ કરીશું?'.

**લોઢાવાળા ભાઈઓ**



શાહ વિઠ્ઠલદાસ



શાહ મનોરદાસ

## ૧૯૩૨માં કાઠિયાવાડની પહેલી અંધશાળા

મહાજનમાં શાહ વિઠ્ઠલદાસ છગનલાલ લોઢાવાળા અને તેના ભાઈ મનોરદાસ હાજર હતા. વિઠ્ઠલદાસ સ્મશાનથી લઈને પ્રસૂતિ ગૃહના પારણા સુધી, દાન દેવા માટે જાણીતા હતા. આ દાનવીર ભાઈઓએ સત્યનારાયણ રોડ ઉપર તેના બંગલાના ગ્રાઉન્ડ ફ્લોરના ઓરડા શાળા માટે કાઢી આપ્યાં. મહાજને અંધશાળા ચલાવવાની જવાબદારી લીધી. ભાવનગર રાજયે વાર્ષિક સહાય નકકી કરી આપી. આમ ૧૯૩૨માં કાઠિયાવાડ-સૌરાષ્ટ્રની પહેલ વહેલી અંધશાળા- 'શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા'ની સ્થાપના થઈ. મુંબઈની વિકટોરિયા સ્કૂલમાંથી નેતરવાલાસાહેબ વગેરે કુશળ કર્મચારીઓને ભાવનગર બોલાવવામાં આવ્યા. લોકોમાં અંધશ્રદ્ધા હતી. શીતળાને લોકો માતાજીનો કોપ સમજતા. શીતળા વિરોધી રસી બાળકોને મુકાવતાં નહીં. રસી મૂકવા આવે ત્યારે બાળકોને સંતાડી દેતા. લોકજાગૃતિ માટે, અંધ બાળકોનું બેન્ડ બનાવવામાં આવ્યું. ગલીએ ગલીએ તે ફરતું. ગામડાંઓમાં જવા માટે, કુમાર શ્રી નિર્મળકુમારસિંહજીની માલિકીની બી.એમ.ટી. રેલ્વેમાં, અંધ બેન્ડને મફત મુસાફરીની મંજૂરી આપવામાં આવી. પ્રજ્ઞાચક્ષુઓનું બેન્ડ ગામડાંઓમાં જઈ, પ્રજ્ઞાચક્ષુઓને ભણાવવાનો પ્રચાર કરતું, તેમજ અંધ બાળકોને શોધી લાવતું અને શાળા ચલાવવા માટે દાન, દક્ષિણા તથા અનાજ પણ ઉઘરાવી લાવતું.

# સંસ્થાનો સુવર્ણકાળ

દેશ આઝાદ થયા પછી, ડૉ.કૃષ્ણપ્રસાદ દોશી, ભાનુબહેન પારેખ, ગંગાદાસ શાહ વગેરે લોકસેવકોએ, બરો મ્યુનિસિપાલિટી પાસેથી, કાળુભા રોડ ઉપર છ હજાર ચો.વાર જેટલી જમીન ફ્રી લીઝથી મેળવી, અંધશાળા અને છાત્રાલય માટે મકાન બનાવ્યું. શાળાનો વિકાસ થતો ચાલ્યો. છોકરા-છોકરીઓ બંનેને સાથે ભણવા માટે શાળાનાં દ્વાર ખોલી નાંખવામાં આવ્યાં. કાઠિયાવાડની આ પહેલી કો-ઍજ્યુકેશન આપતી શાળા બની. દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ કોંગ્રેસના અધિવેશનમાં ભાવનગર આવવાના છે એવી વાત મળતાં અંધશાળાના બાળકોએ નહેરુજીને બ્રેઈલમાં એક પત્ર લખ્યો, 'અમારે તમને મળવુ છે.' અને ભાવનગર એરપોર્ટથી નહેરુજી અધિવેશનમાં જવાને બદલે ઈંદિરા ગાંધી સાથે સીધા આવી પહોંચ્યાં અંધશાળામાં! આવા ઉજ્જવળ ઈતિહાસથી ઝળહળતો સુવર્ણકાળ આ શાળાએ જોયો છે.



ઈન્દિરા ગાંધી વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ

**દેશ આઝાદ થયા પછી, ડૉ. કૃષ્ણપ્રસાદ દોશી, ભાનુબહેન પારેખ, ગંગાદાસ શાહ વગેરે લોકસેવકોએ, બરો મ્યુનિસિપાલિટી પાસેથી કાળુભા રોડ ઉપર છ હજાર વાર જેટલી જમીન ફ્રી લીઝથી મેળવી, અંધશાળા અને છાત્રાલય માટે મકાન બનાવ્યું.**



લોક જાગૃતિ માટે અંધશાળાનું બેન્ડ

# નેતૃત્વની કસોટી

## શાળા બંધ કરવી પડે એવી નોબત આવી પડી



ડૉ. કૃષ્ણપ્રસાદ દોશી

૧૯૭૫ પછી, અંધઉદ્યોગ શાળાનો કપરો કાળ શરૂ થયો. સંસ્થા આર્થિક સંકટમાં ફસાણી. ડૉ.કૃષ્ણપ્રસાદ દોશી ટ્રસ્ટી મંડળમાં મંત્રી હતા. તેમણે અંધઉદ્યોગ શાળાના વિકાસ માટે ઘણી જહેમત ઉઠાવી. પરંતુ એક તરફ સામાજિક અને રાજકીય ક્ષેત્રે તેમની વ્યસ્તતા અને બીજી તરફ અન્ય ટ્રસ્ટીઓની ઉંમર સાથ આપતી ન હતી. સંસ્થામાં દાનનો પ્રવાહ ધીમો પડયો. તેમાં વળી સરકારની ગ્રાન્ટ પણ અપૂરતી અને અનિયમિત આવતી હતી. અધૂરામાં પૂરું ૧૦૦% ગ્રાન્ટનો ત્યારે નિયમ ન હતો. ટ્રસ્ટી મંડળે ખોટ પૂરવા પૈસા ભેગા કરવા પડતા. એ સંજોગોમાં સ્ટાફનાં પગાર ચડી ગયા હતા. લાઈટનાં તથા છાત્રાલયનાં શાકભાજી અને કરિયાણાનાં બિલ ચૂકવવાના બાકી હતા. પરિસ્થિતિ નાજુક થઈ ગઈ. વેપારીઓ હવે ઉધાર આપવાની ના પાડવા લાગ્યા હતા. ડૉ.કૃષ્ણપ્રસાદ દોશીએ સંસ્થાની આવક ઊભી કરવા ભાવનગર, સુરત અને મુંબઈમાં નાટકનો શો રાખવા ઘણાં પ્રયત્ન કર્યા પણ કોઈ કારી ફાવી નહીં. છેવટે શાળાના કમ્પાઉન્ડ ફરતી દુકાનો બાંધીને એક મોટું શોપિંગ સેન્ટર બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્લાન ઘડયો કે જેમાંથી ભાડાની કાયમી આવક થઈ શકે, પરંતુ કમનસીબે સફળતા મળી નહીં. અંતે શાળા બંધ કરવી પડે એવી નોબત આવી પડી, ત્યારે ડૉ.કૃષ્ણપ્રસાદ દોશીએ, સુકાન સંભાળી, શાળાને બચાવી લેવા મને આગ્રહ કર્યો.

## અંધશાળાએ વિકાસની વાટ પકડી

ડો. દોશી બહેરાં મૂંગા શાળા, 'અંકુર' વગેરે સંસ્થાઓમાં અમારી સાથે હતા. અંધશાળાનાં બુઝર્ગ ટ્રસ્ટી મંડળની મર્યાદા તરફ મેં તેમનું ધ્યાન દોર્યું. અંતે જૂના ટ્રસ્ટીઓ છૂટા થયા. મારા સાથીઓનું નવું ટ્રસ્ટી મંડળ બનાવ્યું. તેમાં નવજવાન સંઘ અને બહેરાં મૂંગાં શાળાનાં કાર્યકરો પણ જોડાયાં. ટીમમાં દેના બેંકના રીજિયોનલ મેનેજર રમેશભાઈ શાહને લીધા હતા. તેમણે દેના બેંકના આર્થિક સહયોગની વ્યવસ્થા કરી, રૂા. ૨૫૦૦૦ હજારનો ઓવરડ્રાફ્ટ મંજૂર કરાવી આપ્યો, અમે સૌપ્રથમ કર્મચારીઓનાં પગાર અને સંસ્થા માથેનું દેવું ચૂકવી દીધું. એ દિવસોમાં કોઈને ત્યાં લગ્ન પ્રસંગે ફંડ ફાળો કરવા સંસ્થાનાં ગૃહમાતા મિનાક્ષીબહેન જઈ પહોંચ્યાં. ત્યાં મુંબઈથી આવેલા મહેમાન કાંતિલાલ નારણદાસ શાહ - તળાજાવાળા સાથે વાત થઈ. પ્રજ્ઞાચક્ષુ બાળકોને સહાય કરવાની વાત તેમને સ્પર્શી ગઈ. બીજા દિવસે શાળા જોવા આવ્યા. હાલત જોઈને ભિંજાયા. સાથી મનુભાઈ શેઠની દરમ્યાનગીરીથી કાંતિભાઈએ પ્રાર્થના ખંડ માટે રૂા. ૨૫,૦૦૦ તથા શાળા



કાંતિભાઈ શાહ (તળાજાવાળા)



મિનાક્ષીબહેન ભટ્ટ

છાત્રાલયનાં મકાન, ટોયલેટ વગેરેનાં રંગરોગાન અને રિપેરિંગ માટે તથા રસોડામાં વાસણો વસાવવા રૂા. ૨૫,૦૦૦ નું દાન આપ્યું, તો સાથી મિત્ર શશીભાઈ વાઘરે રૂા. ૧૦,૦૦૦ આપ્યા. આમ સંસ્થાના રંગરૂપ બદલાયા, એક નવી હવા ઊભી થઈ અને વિશ્વાસનું વાતાવરણ બન્યું. એ જોયા પછી કાંતિભાઈ શાહે તેમની માતા શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા)નું નામ અંધશાળા સાથે જોડવા રૂા. એક લાખ ને પચાસ હજારની ઉદાર સખાવત કરી અને ફરી એક વખત અંધઉદ્યોગ શાળાએ વિકાસની વાટ પકડી.

## દાનની સરવાણી

૧૯૮૭ માં પી.એન.આર. સોસાયટીની પોલિયો ઓપરેશનની પ્રવૃત્તિ અંધશાળાના કેમ્પસમાં શરૂ કરી. બંને સંસ્થા માટે આ દૂરંદેશીભર્યું પગલું નિવડ્યું. કેમ્પસ પોલિયોનાં દર્દીઓથી ઉભરાવા લાગ્યું. પછી કેમ્પસમાં પોલિયો હોસ્પિટલ તૈયાર થઈ એટલે દેશવિદેશનાં મહેમાનો અને દાતાઓ આવવા લાગ્યાં. આ દાતાઓ પાસેથી સોસાયટીની સાથે અંધશાળામાં યોગદાન મેળવવાનું સરળ પડ્યું. પ્રજ્ઞાચક્ષુઓને ફિઝિયોથેરાપીની તાલીમ આપીને પગભર કરવા શામજીભાઈ પારેખે રૂા. ૭૫,૦૦૦, મફતલાલ મહેતાએ ઑક્યુપેશનલ થેરાપી માટે રૂા. ૧ લાખ અને શાળાનાં મકાન ઉપર બીજો માળ બાંધવા માટે રૂા. ૪ લાખ આપ્યા. સુવિધામાં વધારો થતા વિદ્યાર્થીઓની સંખ્યા વધવા લાગી હતી. અમારે ધો. ૮, ૯ અને ૧૦ શરૂ કરવું હતું. આ સેકન્ડરી સ્કૂલ માટે એક માળ બાંધવા સદ્‌ભાવ ફાઉન્ડેશનના રૂા. ૫ લાખ હું મુંબઈ જઈને નક્કી કરી આવ્યો હતો. ત્યાર પછી અમારે કન્યા છાત્રાલયની જગ્યામાં તોડફોડ કરીને અદ્યતન ડાઈનિંગ હૉલ, કીચન વગેરે કરવા હતાં અને કન્યા છાત્રાલય તથા તેની ઉપર બીજા માળે નવું બાંધકામ કરવાનું હતું. તે માટે શાળાના પ્રમુખ દાતા કાંતિભાઈ શાહને વાત કરી તો રૂા. ૫ લાખનું દાન આપવા તેઓ તૈયાર થઈ ગયા. આમ, હવે પાછો અંધશાળાનો સમય બદલાયો અને એક પછી એક દાનની સરવાણી વહેવા લાગી.



શામજીભાઈ પારેખ



મફતભાઈ મહેતા

## નૈતિક મૂલ્યોનું જતન

આટલું કર્યા પછી સેકન્ડરી સ્કૂલની ઉપર કન્યા છાત્રાલય બાંધવાનું બાકી હતું. તેમાં એક સમસ્યા નડતી હતી. તોડી પાડેલા જૂના કન્યા છાત્રાલય ઉપર એક ઠક્કર દંપતીનાં નામની તકતી અને બે ફોટા હતાં. આ દંપતીએ તે જમાનામાં રૂા. ૫ હજાર કન્યા છાત્રાલય બાંધવા આપ્યા હતાં. જ્યારે હવે કન્યા છાત્રાલયનાં નવા બાંધકામના રૂા. ૫ લાખ થવાના હતા. નવા બાંધકામ ઉપર ઠક્કર દંપતીનું નામ રાખવું કે કેમ? તેની વિચારણા ચાલી. એ દંપતી નિર્વંશ ગુજરી ગયું હતું. તેના સગાંસંબંધીઓ કોઈની ભાળ મળી નહીં. કોઈએ કહ્યું, 'તેને હવે ભૂલી જાવ. જે પાંચ લાખ આપે તેનું નામ મૂકો.' મને આ વાજબી લાગતું ન હતું. નૈતિક મૂલ્યોનું જતન કરવું એ આપણી ફરજ છે, સૌ સહમત થયા. છેવટે

**મણિભાઈ ગાંધી, જીતુભાઈ ઉપાધ્યાય અને દીપકભાઈ, પ્રતાપભાઈ શાહ વગેરેએ નાગરિક બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના સભ્યોને મનાવી લીધા અને ઠક્કર દંપતીનું નામ રાખવાનું હોવા છતાં રૂપિયા પાંચ લાખનું દાન બેંક પાસેથી અપાવ્યું**

અમે મૂળ દાતા ઠક્કર દંપતીનું નામ મુકવાનું ઠરાવ્યું. હવે રૂપિયા પાંચ લાખનું દાન નામ મૂકયા વગર આપવા કોઈ દાતા તૈયાર ન થાય તે સમજી શકાય તેવી વાત હતી. મણિભાઈ ગાંધી, જીતુભાઈ ઉપાધ્યાય અને દીપકભાઈ, પ્રતાપભાઈ શાહ વગેરેને અમારી મુશ્કેલી કહી. તેમણે નાગરિક બેંકના બોર્ડ ઑફ ડાયરેક્ટર્સનાં સભ્યોને મનાવી લીધા અને ઠક્કર દંપતીનું નામ રાખવાનું હોવા છતાં રૂપિયા પાંચ લાખનું દાન બેંક પાસેથી અપાવ્યું. આ ઠક્કર દંપતીના નામની નવી તકતી અને તેના બે નવા ફોટા કરાવવાનો ખર્ચ જ સંસ્થાને રૂપિયા પાંચ હજારથી વધુ થયો ! પરંતુ દાતાઓના વિશ્વાસનું જતન થયું તેનો આનંદ હતો. આવા કટોકટીનાં સમયે જ નેતૃત્વની કસોટી થતી હોય છે, અમે એ કસોટીમાંથી પાર ઊતર્યા અને અંધઉદ્યોગ શાળાનો ઈતિહાસ પલટાઈ ગયો.



**આવા કટોકટીના સમયે જ નેતૃત્વની કસોટી થતી હોય છે, અમે કસોટીમાંથી પાર ઊતર્યા અને અંધશાળાનો ઈતિહાસ પલટાઈ ગયો.**



અંધ શાળા કેમ્પસ

# લાભુભાઈ સોનાણીઃ એક બહુમુખી વ્યક્તિત્ત્વ

દરેક સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તે માટે નેતૃત્વની બીજી હરોળ તૈયાર કરવાની જરૂર રહે છે. અંધશાળાની કામગીરી દરમ્યાન આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી લાભુભાઈ સોનાણી ૧૯૯૫ આસપાસ અમારી સાથે જોડાયા. એ દિવસોમાં લાભુભાઈ ભાવનગરના અંધ અભ્યુદય મંડળમાં સેવા આપતા હતા. ત્યાં સાથી અંતુભાઈ રાવળ લાભુભાઈના પરિચયમાં આવ્યા. અંતુભાઈ તેની આંતરિક શકિતથી પ્રભાવિત થયા. પછી અમારા આમંત્રણથી લાભુભાઈએ અંધશાળામાં નેશનલ ઍસોસિએશન ફોર ધી બ્લાઈન્ડની ભાવનગર શાખાનું કામ સંભાળ્યું. ત્યાર બાદ અંધશાળાના ટ્રસ્ટી મંડળમાં જોડાયા અને જનરલ સેક્રેટરી થઈ મોટી જવાબદારી ઉપાડી. આમ ધીમેધીમે સત્તાનું હસ્તાંતર કરવામાં અમે સફળ રહ્યાં.

## કુશળ વ્યવસ્થાશક્તિ

સંસ્થાનો વહીવટ સંભાળ્યા પછી લાભુભાઈમાં રહેલી નેતૃત્વ શકિત ખીલી ઊઠી. તેઓ ગ્રેજ્યુએટ છે અને પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણનો ડિપ્લોમા પણ ધરાવે છે, છતાં સરકારી નોકરી ન સ્વીકારી; એ તેમની સેવા પ્રત્યે સમર્પણની ભાવના દર્શાવે છે. પત્રવ્યવહારમાં પાવરધા લાભુભાઈએ સરકારમાં પેન્ડિંગ રહેલાં કામો પૂરા કરાવ્યા. શાળામાં ઉચ્ચ માધ્યમિક અને ટેકનિકલ શિક્ષણ સુધીની સુવિધા વધારી, એટલું જ નહીં પરંતુ વર્ષોવર્ષ ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૧૦૦% પરિણામલાવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ. એક સમયે ૬૦-૭૦ વિદ્યાર્થીઓની સંખ્યામાં સમેટાઈ જતી શાળામાં આજે બસો જેટલા વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ શિસ્તપૂર્વક શિક્ષણ અને તાલીમ લઈ રહ્યાં છે, તે લાભુભાઈની કુશળ વ્યવસ્થાશકિતને આભારી છે.


લાભુભાઇ સોનાણી

**સંસ્થાનો વહીવટ સંભાળ્યા પછી લાભુભાઈમાં રહેલી નેતૃત્વશક્તિ ખીલી ઊઠી. તેઓ ગ્રેજ્યુએટ છે અને પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણનો ડિપ્લોમા પણ ધરાવે છે; છતાં સરકારી નોકરી ન સ્વીકારી, એ તેમની સેવા પ્રત્યે સમર્પણની ભાવના દર્શાવે છે.**

## મૅનેજમેન્ટના માણસનું તારામંડળ

લાભુભાઈ ભલે મેનેજમેન્ટ ભણ્યા નથી પણ એ મેનેજમેન્ટ કરી જાણે છે અને કરાવી પણ જાણે. એ સંસ્થામાં ચીટકીને બેઠા



ઘનશ્યામભાઈ બારૈયા



ભાવનાબહેન મજીઠિયા



કિશોરભાઈ પંડયા



યોગેશ પંડયા



નીતાબહેન રૈયા



રમેશ બારડ



જયસુખગિરિ



સ્વ. નરેન્દ્ર શેઠ

છે. નવરા પડતા નથી, કોઈને નવરા પડવા દેતા નથી. સંસ્થા ધમધમતી રહે એ માટે તે નવા નવા કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. લાભુભાઈએ તેને સફળ બનાવવામાં પ્રિન્સિપાલ ઘનશ્યામભાઈ બારૈયા, શિક્ષકગણમાંથી ભાવનાબેન મજીઠિયા, કિશોરભાઈ પંડયા, યોગેશભાઈ પંડયા, નીતાબહેન રૈયા તથા રમેશભાઈ બારડ, જયસુખગીરી વગેરેમાં રહેલી રચનાત્મક શક્તિનો ભરપૂર ઉપયોગ કરી જાણ્યો છે. તેમનું કોમ્યુનિકેશન પણ અદ્‌ભુત છે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ટેકનોલોજિ અને મીડિયાનો તેમણે ભરપૂર ઉપયોગ કરી જાણ્યો છે. તેથી વધુ ને વધુ લોકો સંસ્થાને ઓળખતા થયા છે. દાતાઓ અને કાર્યકર્તાઓનું જૂથ વધ્યું છે. દાતાઓનો જીવંત સંપર્ક જાળવી રાખવામાં લાભુભાઈને સાથી નરેન્દ્ર શેઠનાં અકાળે અવસાનથી મોટી ખોટ પડી છે. તેમની સ્મૃતિમાં શેઠ પરિવારે ઔદ્યોગિક તાલિમ માટે દાન કર્યું છે. સાથોસાથ 'ફ્લેગ ડે' ની મુવમેન્ટ દ્વારા જિલ્લાભરની શાળાનાં વિદ્યાર્થીઓમાં તેઓએ પ્રજ્ઞાચક્ષુઓ માટે સંવેદનાનો સંચાર પણ કર્યો છે અને ફંડ પણ એકત્રિત કર્યું છે, એ તેની મોટી સિદ્ધિ છે.

## ટીમ બિલ્ડિંગ

નવા નવા કાર્યકરો તૈયાર કરવા અને સૌને સાથે રાખીને ચાલવું તેમાં નેતૃત્વની કસોટી છે. એકલ દોકલ નેતાની સંસ્થાનું ભવિષ્ય ધૂંધળું હોય છે. જોકે લાભુભાઈએ ટ્રસ્ટી મંડળના વડીલોની સાથોસાથ નવા સક્રિય કાર્યકરોને તૈયાર કર્યા છે. જેમાં મહેશભાઈ પાઠકને માનદ્‌ મંત્રી, પંકજભાઈ ત્રિવેદીને ટ્રેઝરર, નીલાબહેન સોનાણી અને હસમુખભાઈ ઘોરડાનો સમાવેશ થાય છે - બંને પ્રજ્ઞાચક્ષુ છે. તેને અનુક્રમે છાત્રાલય અને સંસ્થાનાં બ્રેલપ્રેસ, બ્રેલ ગ્રંથાલય સાથે એન.એ.બી.ની જવાબદારી સોંપીને ટીમને મજબૂત બનાવી છે. એટલું જ નહીં પરંતુ આર્થિક સહયોગ માટે ઉપયોગી એવા મુંબઈના કીર્તિભાઈ શાહ અને તેના 'અનમોલ ગ્રુપ'ને સંસ્થામાં રસ લેતા કરીને પોતાની દૂરંદેશી દર્શાવી છે.



**મહેશભાઈ પાઠક**



**પંકજભાઈ ત્રિવેદી**



**નીલાબહેન સોનાણી**



**હસમુખભાઈ ઘોરડા**



**કીર્તિભાઈ શાહ**

## પ્રજ્ઞાચક્ષુ પણ બ્યુટીફિકેશનમાં માહેર

સંસ્થાના વિકાસ સાથે જરૂરિયાતો પણ વધે. નટવરભાઈ દેસાઈની ભલામણથી તેમના મિત્ર એચ.કે. વખારિયા પાસેથી ચંચળબેન લાલદાસ ટેકનિકલ સ્કૂલનાં મકાન બાંધકામમાટે રૂા. ૫ લાખ અને ટીચર્સ ટ્રેનિંગ કૉલેજનાં કોર્પસ ફંડ માટે હર્ષદભાઈ શેઠ ગલિયાકોટવાળા પરિવાર તરફથી રૂા. ૧૧ લાખનું દાન સંસ્થાને મળ્યું. તો સંગીતકલા વર્ગ અને કેમ્પસમાં બ્લોક બેસારવા મહેન્દ્રભાઈ શેઠ ગલિયાકોટવાળા તેમજ નવા વર્ગોના બાંધકામમાટે કાંતિભાઈ શાહ-તળાજાવાળા વગેરે પાસેથી માતબર દાન મળ્યું. આ દાનનો દાતાઓને સંતોષ થાય તેવો સરસ ઉપયોગ લાભુભાઈએ કરી બતાવ્યો. એ પોતે જોઈ શકતા નથી, પરંતુ ઈન્ટિરિયર ડેકોરેશન અને બ્યુટીફિકેશનની સૂઝ તેમનામાં ગજબની છે. નવા પ્રાર્થના રૂમ માટે ખુશેન્દ્રભાઈના રૂપિયા બે લાખ પચાસ હજાર મેં તેમને મેળવી આપ્યા ત્યારે મને તેની પ્રતીતિ થઈ.

## લાભુભાઈનું સપનું

શિક્ષણ પૂરું કરીને કામધંધે લાગેલા કે કૉલેજમાં આગળ ભણતાં પ્રજ્ઞાચક્ષુઓને ભાવનગરમાં રહેવા માટે છાત્રાલય નથી. પરિણામે આ લોકો નાસીપાસ થાય છે. આવા જરૂરતમંદ પ્રજ્ઞાચક્ષુઓ માટે એક છાત્રાલય બાંધવું એ લાભુભાઈનું સપનું છે. એ બાંધવા માટે ડોનેશનનાં પ્રોમિસ તેમને મળ્યા છે. પરંતુ જમીનની પ્રાપ્તિ, એ સમસ્યા છે. તેમાંથી રસ્તો કાઢવા તે પ્રયત્ન કરે છે. સફળ થશે તેવી શ્રધ્ધા છે.

## એક ઊંચી ઉડાન

ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘના પ્રમુખ લાભુભાઈ ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. એ વંચિત વિકલાંગોને ન્યાય અપાવવા મક્કમ નિર્ધાર સાથે એડવોકસી કરે છે અને જરૂર પડે સંઘર્ષ પણ કરી જાણે છે. પોતે એક સંવેદનશીલ કવિ, લેખક અને સ્પષ્ટ વક્તા એવા લાભુભાઈના નેતૃત્વ નીચે અંધઉદ્યોગ શાળા એક ઊંચી ઉડાન ભરી રહી છે.

**શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા**
**નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,**
**ભાવનગર-૩૬૪ ૦૦૨**
**ફોન :** (0278) 2423917
**ઈ-મેઈલ :** kkbsbhavnagar@gmail.com



ચંચળબહેન લાલદાસ ટેકનિકલ સ્કૂલ
દાતા એચ. કે. વખારિયા સાથે મહેમાનો



દાતા મહેન્દ્રભાઈ, રેખાબહેન અને હર્ષદભાઈ શેઠ



મોટર રિવાઈન્ડિંગ



કાનનબહેન મહેન્દ્ર શેઠ (ગલિયાકોટવાળા) સંગીત કલા કેન્દ્ર



નિષ્ઠા કુકિંગ ક્લાસ - ડેમોનસ્ટ્રેશન



હુસેનઅલી ચાચાનાં હસ્તે ઈનામ વિતરણ